Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિનો બાદશાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पक्षिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखनें के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મનોરંજનમાળા : પુષ્પ ૮ મું

ત્રણ કીમિયાગરો

[સચિત્ર]

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

—: લેખક :—

પ્રકાશમ્ રાવલ

(કાલીદાસની બાલવાતો,
બીરબલની બાલવાતોના કર્તા)

CHECKED 1973
Initial

કિંમત આઠ આના

—પ્રકાશક—

એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ . . . . . મુંબઇ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ ૧લી
પ્રતો : ૨૦૦૦

☆

સંવત : ૨૦૦૬
સન : ૧૯૫૦

સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન

અનુક્રમ

☆

	વાર્તા	પાન
૧	ત્રણ કીમિયાગરો	... ૩
૨	અરાબર ઊલટું	... ૬
૩	બુદ્ધિધનનો ભંડાર	.... ૭
૪	ચતુર કોણ ?	.. ૧૧
૫	મૂર્ખ કોણ ?	...૧૨
૬	બાદશાહ મૂર્ખ	...૧૪
૭	મને કુરસદ નથી	...૧૫
૮	કોના પગ સારા ?	.. ૧૬
૯	કોની મશ્કરી થઇ ?	...૧૮
૧૦	દૌલત જાય કે રહે ?	....૧૯
૧૧	બુધ્ધિધન કોણ ?	...૨૧
૧૨	અમૃત	...૨૩
૧૩	અંધારું	...૨૪
૧૪	વ્યાજ	...૨૪
૧૫	સોની મહાજનનો કસબ	.. ૨૫

આ પુસ્તક રાવપુરા–વડોદરા, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું, અને નંદલાલ મોહનલાલ હકકરે એન. એમ. હકકરની કંપની માટે, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨ થી પ્રકટ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ત્રણ કીમિયાગરો

●

'બીરબલ, કઇ કઇ જાતનાં માણસોનો વિશ્વાસ ન કરવો ?' બાદશાહે પૂછ્યું.

'નામવર, વાણિયાનો, સોનીનો અને ત્રીજા દરજીનો કદી પણ વિશ્વાસ ન કરવો.' બીરબલે જવાબ આપ્યો.

'શા માટે ?'

'નામવર, આ ત્રણે જાતને કોઇ પણ કામ સોંપ્યું હોય તોપણ તેઓ તેમાંથી થોડું ઘણું પણ પોતાના ઉપયોગ માટે રાખી લે છે.'

'એટલે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણિયાનો, સોનીનો, અને બીજા દરજીનો કહી પણ વિશ્વાસ ન કરવો.
(—પાન ૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વાણિયો એની બહેન કે દીકરીને ધીરેલા પૈસાનું વ્યાજ એક પાઈ પણ ઓછું લેતો નથી. સોની એની માસીએ કે ફઈબાએ ઘડવા આપેલા સોનામાંથી એક રતિભાર સોનું પણ ચોર્યા વગર રહેતો નથી. દરજી પણ એના કાકા-દાદાએ સીવવા આપેલા કાપડમાંથી એકાદ કટકો પણ કાપ્યા વગર રહેતો નથી. નામવર, આ તો એ લોકોની અજબ કળા છે. એ કળાની કરામત કોઈ જાણી શકતું નથી.' બીરબલે ખુલાસો કર્યો.

'વાહ, વાહ!' બાદશાહથી બોલી જવાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર ઊલટું

એક વૃદ્ધ બ્રાહ્મણને અમુક કારણસર ફાંસીએ ચડાવવાનો બાદશાહે હુકમ આપ્યો. એટલામાં બીરબલ ત્યાં આવી પહોંચ્યો. એને જોઈને બાદશાહે કહ્યું, 'બીરબલ, આ બ્રાહ્મણની બાબતમાં તું વચમાં પડીશ નહિ. જો તું એની વચમાં પડીશ તો હું બરાબર તું જે કહીશ એનાથી ઊલટું જ કરીશ.'

આ સાંભળી બીરબલ તરત જ બોલ્યો, 'ઠીક છે જહાંપનાહ, આપની વાત મુજબ આ બ્રાહ્મણને અવશ્ય ફાંસીએ ચડાવો!'

આ સાંભળી બાદશાહ ખુશ થઈ હસી પડયા, અને તેમને પોતાના વચન પ્રમાણે પેલા બ્રાહ્મણને છોડી મૂકવો પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિધનનો ભંડાર

એક દિવસ બાદશાહે બીરબલને નીચે મુજબ સવાલો પૂછ્યા:

'દૂધ કોનું સારું ?'

બીરબલે જવાબ આપ્યો: 'નામવર, દૂધ માતાનું સારું; કારણ એ વડે બાળકનું પાલન-પોષણ થાય છે.''

'પાંદડું કયું સારું ?'

'પાન નાગરવેલનું સારું, જે રાજા મહારાજાઓના હાથ સુધી પહોંચે છે.'

'ફળ કોનું ઉત્તમ ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ફૂળોમાં દીકરો ઉત્તમ, જે પોતાના બાપદાદાની આબરુ વધારે છે.'

'મીઠાશ કોનામાં સારી ?'

'મીઠાશ વાણીની સારી, જે માણસને માન અપાવે છે.'

'ફૂલ કયું સારું ?'

'ફૂલ કપાસનું ઉત્તમ, જેના વડે લાજ આબરુ જળવાય છે.'

'રાજાઓમાં મોટો કોણ ?'

'રાજાઓમાં ઇન્દ્ર મોટો, જે વરસાદ વરસાવી આખી દુનિયાનું પાલન કરે છે.'

'એવું શું છે, જે પાછળથી આવે છે, અને આગળથી જાય છે ?'

'દાંત. એ માણસનો જન્મ થયા પછી આવે છે, અને મરણ પહેલાં ચાલ્યા જાય છે.'

'નાશ ન પામે તેવું આ જગતમાં શું છે ?'

'કીર્તિ.'

'એવી કઇ બે ચીજો છે કે જે એકબીજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીક હોવા છતાં મળી શકતી નથી ? '

'આંખો. એ બન્ને એકમેકની નજીક હોવા છતાં, વચ્ચે નાક નડે છે એટલે, તેમનો મેળાપ થતો નથી !'

'સુખી રહેવાનો માર્ગ કયો ? '

'સંતોષી રહેવું તે.'

'સૌથી ઉત્તમ ધંધો કયો ? '

'ખેતી.'

'મૂર્ખ કોણ કહેવાય ? '

'જે પોતાનો સ્વાર્થ સમજી શકતો નથી તે.'

'કજિયાનું મૂળ શું ? '

'હાંસી.'

'એવી કઇ વસ્તુ છે કે પોતાનો પાસ પોતાના પાડોશીઓને પણ લગાવી દે છે?'

'સુખ.'

'સ્વર્ગમાં કોણ જાય છે ? '

'જેના મરણ પછી લોકો વખાણ કરે તે સ્વર્ગે જાય છે.'

'શું, દુનિયામાં ઘણા માણસો મૂર્ખ હશે ? '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નામવર, એ તો ખબર નથી, પરંતુ આપ એકલા હોવાના વિચારે અકળાશો મા. ઘણા નીકળી આવશે !'

'આ જગતમાં કોનો વિશ્વાસ ન કરવો ?'

'જહાંપનાહ, આંખે કાણો, હાથે ટૂંઠો, પગે લંગડો, અને ટૂંકી ગરદનવાળો. આ ચાર નિશાની-વાળાઓનો વિશ્વાસ ન કરવો.'

'નિમકહરામ કોણ ?'

'આપણું જ ખાઈને આપણું જ ખરાબ કરે તે.'

'નીચમાં નીચ કોણ ?'

'દેશદ્રોહી.'



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર કોણ ?

ચતુર કોને કહેવો ? બાદશાહે એક દિવસ દરબારમાં સૌની વચ્ચે પૂછ્યું.

આ સાંભળી બધાએ વારાફરતી જવાબ આપવા માંડ્યા. એકે કહ્યું, ' જેની પાસે પૈસો હોય તે ચતુર કહેવાય. ' બીજાએ કહ્યું ' જેની પાસે વિદ્યા હોય તે ચતુર કહેવાય.' વળી કોઈએ કહ્યું, ' જેની પાસે 'વાડી લાડી અને ગાડી ' આમ ત્રણેનો સંગાથ થયો હોય તેને ચતુર કહેવો. ' આમ દરેક જણે પોતપોતાના મત મુજબ ચતુર કોને કહેવો તે કહ્યું.

' બીરબલ, ચતુર કોને કહેવો ?' બાદશાહે બીરબલને પૂછ્યું.

' નામવર, જે માણસ ધીરજ રાખી પોતાના મનની આશાને પાર પાડવા માટે દિન-રાત ઉદ્યમ કર્યા કરે છે, અને એમાં સફળતા મેળવે છે, તેને હું ચતુર કહું છું.' બીરબલે જવાબ આપ્યો.

આ સાંભળી બાદશાહ બોલ્યા, ' બરાબર છે; હું પણ તારા જવાબને મળતો થાઉં છું. '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂર્ખ કોણ ?

'મૂર્ખ કોને કહેવો ?' બાદશાહે એક વખત દરબારમાં પૂછ્યું.

આ સાંભળી કોઇએ કહ્યું, 'જેની પાસે પૈસા ન હોય તેને મૂર્ખ કહેવો.' 'જે અભણ હોય તેને મૂર્ખ કહેવો.' 'જેના ઘરમાં હરહંમેશ કંકાસ કરનારી પત્ની હોય તે પતિ મૂર્ખ.' આ પ્રમાણે સૌએ પોતપોતાના અનુભવ મુજબ મૂર્ખ કોને કહેવો, તે કહી સંભળાવ્યું.

'બીરબલ, મૂર્ખ કોને કહેવો ?' બાદશાહે પૂછ્યું.

'નામદાર, જે માણસ પોતાની શક્તિ કરતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટી મોટી આશા રાખી સાવ ઠાલા હવાઈ કિલ્લાઓ બાંધી ધારેલું કામ પાર પાડવા માટે જરા પણ પ્રયત્ન કરતો નથી, અને આમ કરવા જતાં ઊલટાનું હાથમાંનું પણ ગુમાવી બેસે છે, અને અર્ધે રસ્તે જ ભૂલો પડે છે, તે માણસ મૂર્ખ છે.' બીરબલે જવાબ આપ્યો.

આ સાંભળી બાદશાહ બોલ્યા, 'બીરબલ, ખરેખર, તારી બુદ્ધિ અગાધ છે, અને તારા આવા સુંદર જવાબોથી હું ખૂબ ખુશ થાઉં છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ મૂર્ખ

એક વખત બીરબ્બલે બાદશાહને પૂછ્યું, 'નામવર, સૂર્ય પશ્ચિમ દિશામાં જ કેમ આથમતો હશે?'

'અરે મૂર્ખા! આ પ્રશ્ન તું કોઇ પણ મૂર્ખાને પૂછીશ, તો પણ તે તને આનો જવાબ આપશે.' બાદશાહે કહ્યું.

'નામવર, એટલા માટે તો મેં આ પ્રશ્ન સૌથી પહેલાં આપને જ પૂછી જોયો ને?' બીરબ્બલે ધીમે રહીને બાદશાહને કહ્યું.

જો અને તો–

'બીરબ્બલ, જો તું બાદશાહી પામત તો કેવું સારું થાત? કોઇ જાતની ચિંતા જ ન હોત ને?' બાદશાહે કહ્યું.

'તો પછી નામવર, આપ બાદશાહ જ ન હોત ને!' બીરબ્બલે જવાબ આપ્યો.

આ જવાબ સાંભળી બાદશાહ સાવ ચૂપ થઇ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને ફુરસદ નથી.

એક વખત બાદશાહ બીરબલ ઉપર ઘણા ગુસ્સે થયા. બાદશાહે કહ્યું, 'બીરબલ, તું અત્યારે ને અત્યારે અહીંથી ચાલ્યો જા. તારી સાથે વાત કરવાની મને ઘડીની પણ ફુરસદ નથી.'

'આપનું કહેવું બરાબર છે. નામવર, તમે મારી સાથે જરી પણ વાત કરતા નહિ, પણ હું જે બોલું તે આપ નામવર સાંભળ્યા કરો. બસ આટલી મારી વિનંતિ છે.' બીરબલે જવાબ આપ્યો.

આ સાંભળી બાદશાહનો ગુસ્સો ઊતરી ગયો, અને એ હસી પડયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોના પગ સારા ?

બાદશાહ અને બેગમ સાહેબા વચ્ચે વાદ-વિવાદ થયો કે, તેમના બન્નેમાંથી કોના પગ સારા ? આથી બાદશાહે બીરબલને બોલાવી પૂછ્યું, ' બીરબલ, કહે તો, અમારા બન્ને જણમાંથી કોના પગ સારા છે ? '

બાદશાહનો આ પ્રશ્ન સાંભળી બીરબલ તો વિચારમાં પડી ગયો કે, જો હું બંન્નેમાંથી એકના પગ સારા કહીશ તો ગમે તે એક જણને બોટું લાગશે. આથી થોડી વાર વિચાર કર્યા પછી એ બોલ્યો, ' નામવર, આપના પગ સારા છે, તેને લઇને તો બેગમસાહેબાના પગ સારા છે.'

આ જવાબ સાંભળી બાદશાહ અને બેગમ બન્ને જણાં ખુશ થયાં, કારણ બન્નેમાંથી કોઇને પણ બોટું લાગે તેમ બીરબલે કહ્યું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



' આપના પગ સારા છે, તેને લઈને તો બિલ્લીસાહેબના પગ સારા છે. '

(પાન ૬૬—૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોની મશ્કરી થઇ ?

બીરબલ, ગઇ કાલે રાતના મને એક એવું સ્વપ્નું આવ્યું હતું કે, હું અત્તરના હોજમાં પડયોપડયો નહાતો હતો, અને તું મળમૂત્રના ખાબોચિયામાં પડયોપડયો ઘોરતો હતો.' બાદશાહે બીરબલની મશ્કરી કરતાં કહ્યું.

'નામવર, મને પણ આજે સવારે એવી જ જાતનું સ્વપ્નું આવ્યું હતું કે, એ વખતે આપ મારો વાંસો ચાટતા હતા ! અને હું આપ નામવરનો વાંસો ચાટતો હતો !' બીરબલે બાદશાહની મશ્કરીનો ધીમે રહીને જવાબ આપતાં કહ્યું.

આ જવાબ સાંભળી બાદશાહ ચૂપ જ થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૌલત જાય કે રહે ?

અકબર બાદશાહના દરબારમાં દૌલત નામનો એક નોકર હતો. એક દિવસ બાદશાહ એના પર ગુસ્સે થયા અને કહ્યું, 'તું અત્યારે ને અત્યારે અહીંથી ચાલ્યો જા. હવે પછી મને તારું મોઢું બતાવતો નહિ.'

બાદશાહનો આ હુકમ સાંભળી દૌલત તો વિચારમાં પડી ગયો. તેણે પોતાની આખી જિંદગી બાદશાહના દરબારમાં નોકરી કરીને કાઢી હતી, તેથી તેને પોતાના આ ઘડપણમાં કોણ નોકરીમાં રાખશે, તેના વિચારમાં એ પડી ગયો.

એ આમ વિચાર કરતો હતો એટલામાં ત્યાં થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીરબલ નીકળ્યો. દૌલતે બીરબલને બધી હકીકત કહી સંભળાવી અને એની સલાહ પૂછી.

બીરબલે કહ્યું, 'જુઓ, દૌલત, આવતી કાલે સવારે તમારે દરબારમાં જઇ નામવરને સલામ કરીને કહેવું: 'ખુદાવિંદ, દૌલત આપ નામવરને વિનંતિ કરીને કહે છે કે, તે આપના દરબારમાં હાજર રહેવા ઇચ્છે છે; નહીતર પછી, તે જાય છે.' આ પ્રમાણે કહી બાદશાહ શું જવાબ આપે, તે સાંભળજો.

બીજે દિવસે દૌલતે દરબારમાં જઇ બાદશાહને વિનંતી કરી, બીરબલના કહ્યા મુજબ કહ્યું.

દૌલતના આ શબ્દો સાંભળી બાદશાહે કહ્યું, 'મારા દરબારમાંની દૌલત શા માટે જાય? એની ખુશી પડે ત્યાં સુધી ભલે એ રહે.'

આ સાંભળી દૌલત તો પોતે પાછો તરત જ પોતાના કામે વળગી ગયો. આ પ્રમાણે બુદ્ધિધન બીરબલે પોતાના બુદ્ધિચાતુર્યથી દૌલતને પાછો નોકરીએ રખાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિધન કોણ ?

'બીરબલ, તું દરરોજ તારી પત્નીના હાથની ગરમાગરમ રસોઇ જમે છે, તો કહે કે, એના હાથ પર કેટલી બંગડીઓ પહેરેલી છે ?'

બાદશાહનો આ સવાલ સાંભળી એ તો વિચારમાં પડી ગયો. પણ એ તો હતો હાજરજવાબી; એટલે તરત એણે બાદશાહને કહ્યું, 'નામવર, હું તો મારી પત્નીના હાથની રસોઇ બે જ વખત જમું છું; પણ આપ નામવર, દિવસમાં ઘણીએ વખત આપનો હાથ આપની દાઢી ઉપર ફેરવ્યા કરો છો, તો આપ આપની દાઢીમાં કેટલા વાળ છે તે સારી રીતે કહી શકશો ?'

બીરબલનો આ જવાબ સાંભળી બાદશાહે કહ્યું. 'બીરબલ, દાઢીના વાળ તો કોઈ પણ ગણી શકતું નથી; પણ હાથ પરની બંગડીઓ તો ગણી શકાય તેમ હોય છે. તારી પત્નીના હાથ પર કેટલી બંગડીઓ છે,

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ તને યાદ નથી, એટલે તું એ વાત ઉડાવવા માગે છે, એ મારાથી કાંઈ અજાણ્યું નથી.'

'નામવર, સ્ત્રીઓ કોઈ દિવસ વધારે બંગડીઓ પહેરે, છે અને વળી કોઈ દિવસ ઓછી પણ પહેરે છે. એટલે એનું કાંઈ નક્કી હોતું નથી. નામવર, આપ હરરોજ નીસરણી ચડીને આપના મહેલમાં જાઓ છો, તો એ નીસરણીને કેટલાં પગથિયાં છે, એ આપ જરૂર જાણતા હશો.' બીરબલ બાદશાહને એમ કાંઈ મૂકે એવો ન હતો, એટલે એણે બાદશાહને પૂછ્યું.

'બીરબલ, હજુ સુધી કદી પણ મેં પગથિયાં ગણ્યાં નથી.' બાદશાહે કહ્યું. આ સાંભળી બીરબલે પોતાનો આખરી બચાવનો મુદ્દો હાથ આવતાં કહ્યું, 'નામવર, જ્યારે આપ પગથિયાં જેવી વસ્તુ યાદ રાખી શકતા નથી, તો પછી બંગડી જેવી નાચીજ વસ્તુ શા માટે હું ગણું?'

બીરબલનો આ જવાબ સાંભળી બાદશાહ ખુશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃત

'બીરબલ, કઇ નદીનું પાણી ઉત્તમ? ગંગા નું કે જમનાનું?' બાદશાહે પૂછ્યું.

'નામવર, જમનાનું.'

આ જવાબ સાંભળી બાદશાહે કહ્યું, 'બીરબલ, તને તારા શાસ્ત્રોનું પણ ભાન હોય એમ લાગતું નથી.'

'નામવર, કહો, કેવી રીતે?'

'તમારા શાસ્ત્રોમાં તો ગંગા નદીનાં ઘણાં યે વખાણ કર્યાં છે, અને એના જળને જ ઉત્તમ ગણ્યું છે.' બાદશાહે કહ્યું.

'હા નામવર, ગંગાજળ કાંઇ પાણી નથી; પણ એ તો અમૃત છે. ઉત્તમ પાણી તો જમનાનું.' બીરબલે જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારું

'બીરબલ, સૂરજ અને ચંદ્રના પ્રકાશમાં બધી વસ્તુઓ દેખાય છે. પણ કોઇ એવી વસ્તુ છે કે જે એના પ્રકાશમાં જોઇ શકાતી નથી?' બાદશાહે પૂછ્યું.

'નામવર, એના પ્રકાશમાં માત્ર અંધારું જ જોઇ શકાતું નથી!' બુદ્ધિધન બીરબલે જવાબ આપ્યો.

વ્યાજ

'બીરબલ, એવી કઇ વસ્તુ છે કે જેને કોઇપણ દિવસ વિસામો લેવાનો વખત જ મળતો નથી?' બાદશાહે પૂછ્યું.

'નામવર, 'શાહુકારી વ્યાજ.' દિવસ ને રાત એ વધ્યા જ કરે છે. એને કોઇપણ દિવસ નિરાંત મળતી જ નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોની મહાજનનો કસબ

'જાવ, શામજી સોનીને બોલાવી લાવો.' બીરબલનો હુકમ થયો.

દિલ્હીના શામજી સોનીનું નામ જગજાહેર હતું. એ બાદશાહના દરબારમાં હાજર થયો અને બોલ્યો, 'નામવર કંઈ હુકમ ?'

"જુઓ મહાજન, એક વખત મને બાદશાહે પૂછયું હતું કે, કઈ જાતનાં માણસોનો વિશ્વાસ ન કરવો ? મેં જવાબ આપ્યો હતો કે વાણિયો, સોની અને ત્રીજા દરજીનો કદીપણ વિશ્વાસ ન કરવો. ગમે તેમ કરો તોપણ સોની ઘડવા આપેલા સોનામાંથી રતિભાર પણ સોનું ચોર્યા સિવાય રહેતો નથી. આજે નામવરને આ તમારી કળા જોવી છે.' બીરબલે અગાઉની વાતચીત કહી સંભળાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાજજી ! કોઇએ આપને ભરમાવ્યા લાગે છે. એમ કંઈ ચોરી થાય ?'

'હવે મહાજન, રહેવા દો. આજે તો નક્કી તમારી કળા જોવી છે. માટે ગમે તેમ કરો, પણ તમારે તમારી પરીક્ષા આપ્યા વગર છૂટકો જ નથી.'

'જુઓ, તમને દોઢસો તોલા સોનું આપું છું. તેમાંથી તમારે નામવરના મહેલમાં બેસીને જ એક મજનો હાથી બનાવવાનો છે. એમાંથી તમે ચોરાય એટલું ચોરજો. પણ જો તમારી ચોરી પકડાઇ, કે ચોરી કરી નહિ હોય તો, તમારી આબરૂ જશે !'

'ભલે રાજજી, ભલે. બાપદાદાની આબરૂ એમ કાંઈ જવા દઇશ ?' સોની મહાજને પૂરેપૂરી હામ ભીડી.

બીરબલે બાહશાહના ભંડારમાંથી દોઢસો તોલા સોનું મંગાવી શામજીને આપ્યું. મહેલના એક ઓરડામાં શામજી સોનીને બેસાડયો. એનાં હથિયાર મગાવ્યાં અને ભઠ્ઠી કરાવી આપી.

સોની મહાજને કામ શરૂ કર્યું. એની ઉપર ચોકી રાખવા માટે ખડે પગે ખુલ્લી તરવારે પહેરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. રોજ એ આવે ત્યારે, અને રાતે જતી વખતે, જડતી લેવાતી. આથી એક કટકી પણ સોનાની ચોરી કરવી મુશ્કેલ હતી.

આમ ને આમ થોડા દિવસ સુધી કામ ચાલ્યું. રોજરોજ કેટલું કામ થતું, તેની બીરબલ બરાબર તપાસ રાખતો.

થોડા દિવસમાં તો હાથી પૂરેપૂરો ઘડાઈને તૈયાર થયો. એને ઓપ ચઢાવવા શામજીએ નદીનાં વહેતાં પાણીમાં લઈ જવાનું કહ્યું. 'ઝાઝા પાણીમાં હાથીને ઘસતાં ફાવે, અને ઓપ પણ બરાબર મઝાનો ચઢે.'

બીરબલે એમ કરવાની રજા આપી.

ચોકીપહેરા નીચે શામજી સોનીએ સોનાના હાથીને નદીકાંઠે લઈ જઈને ઓપ ચઢાવવા માંડ્યો.

હાથીને ઘસતો જાય અને આજુબાજુ નજર નાખતો જાય. હાથીને તો ખૂબ ઘસી ઘસીને એવો મઝાનો ઓપ ચઢાવ્યો કે, આખો હાથી ચકચકિત થઈ ગયો. કામ પૂરું થયું એટલે શામજી સોનીએ હાથીને બાદશાહની કચેરીમાં રજૂ કર્યો. સોની મહાજને કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રાજાજી ! નામવરનો હાથી પરખાવી લો.'

બીરબલે તરત જ બેચર પારેખને બોલાવ્યા. પારેખે હાથીના સોનાનો કસ કાઢવા માંડયો.

કસોટી ઉપર કસ લીધો, અને બેચર પારેખે માથું ધુણાવ્યું.

'કેમ પારેખ, માથું ધુણાવો છો ?' બીરબલે પૂછયું.

'રાજાજી ! કસ બરાબર ઊતરતો નથી.' પારેખ બોલ્યા.

'પણ ઓછો ઊતરતો હોય તો તે કહો.'

'રાજાજી ! મહાજને સોનું બદલી નાખ્યું છે. આ હાથી સોનાનો નથી લાગતો.' પારેખે કહ્યું.

'એ તે કેમ બને ? તમારી કાંઇપણ ભૂલ થતી હશે. મહાજન ઉપર છેક છેવટ સુધી ચોકીદારનો ખડે પગે પહેરો હતો. ફરી તપાસી જુઓ તો ?'

બેચર પારેખે ફરી વખત કસ લીધો. પણ કાંઇ વળ્યું નહિ.

'રાજાજી ! એનું એ જ છે' પારેખ બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું વાત કરો છો ? હાથી સોનાનો જ નથી ?'

'ના, રાજાજી, મને તો એ પિત્તળનો જ લાગે છે.'

'શું ? પિત્તળ !' નામવર પણ નવાઈ પામીને બોલ્યા.

'હા નામવર, પિત્તળ !'

'ત્યારે તો મહાજને કમાલ કરી.'

બીલબલ બોલ્યો: 'બોલો મહાજન ! આટઆટલા ચોકીપહેરા વચ્ચે તમે શી રીતે સોનાની ચોરી કરી ?'

'રાજાજી ! ચોરી કેમ કરી, એમ આપ શા માટે પૂછો છો ? નામવર જેવાનું ફરી પાછું કયે દિવસે કામ મળવાનું હતું ? એટલે હું તો તમારા સોનાનો આખો યે હાથી ગરપ કરી ગયો છું !'

'પણ મને સમજાવો તો ખરા કે, આ ચોરી શી રીતે કરી ?'

"રાજાજી, એ તો અમારો કસબ છે. આપે પરીક્ષા લેવાની શરત કરી એટલે પછી મારે મારી કળા અજમાવવી પડી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેવી રીતે ?'

'રાજજી ! રોજ દિવસના જેટલું કામ અહીં સોનાના હાથીનું થતું હતું, તેટલું જ કામ ઘેર જઈને રાતોરાત હું પિત્તળના હાથીનું કરતો હતો. જે દિવસે અહીં સોનાનો હાથી ઘડાઈ તૈયાર થયો, તેની સાથોસાથ મારે ઘેર પિત્તળનો હાથી પણ તૈયાર થઈ ગયો!'

'સાબાશ ! સાબાશ !' રાજગાદી પર બેઠેલા બાદશાહ બોલી ઊઠ્યા.

'પિત્તળનો હાથી મેં રાતોરાત નદીકાંઠાની રેતીમાં ખાડો બોદીને સંતાડ્યો. બીજે દિવસે સોનાનો હાથી ઓપ ચઢાવવા લઈ ગયા ત્યારે ચોકીદારની નજર ચુકાવી સોનાનો હાથી રેતીમાં સંતાડી પિત્તળનો હાથી બહાર કાઢી, એને ઓપ ચઢાવી, દરબારમાં આણ્યો.'

'સોનાનો હાથી નદીકાંઠાની રેતીમાં સંતાડેલો હજુ પણ પડ્યો છે.' એમ કહીને શામજી સોની બીરબલને પોતાની સાથે લઈ જઈ રેતીમાંથી સોનાનો હાથી બહાર કાઢી દરબારમાં લાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમતી રોનાની બીરબહેને પોતાની સાથે બધા જાય રેલીમાંથી રોનાનો ઘોડો બહાર કાઢી દરબારમાં લાવ્યા. (—પાન ૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેચર પારેખે એનો કસ કાઢયો તો સો ટચનું સોનું હતું, અને વજનમાં પણ બરાબર દોઢસો તોલા પૂરું હતું.

'વાહ, સોની મહાજન, વાહ !' બીરબલે બોલતાં કહ્યું, 'જુઓ નામવર, હવે મારી વાત ખરી છે ને ? સોનીએ એનો કસબ બરાબર બતાવ્યો ને ?'

'બીરબલ, તારી વાત સાવ સાચી પડી છે; અને સોનીમહાજને પણ એની કળા બરાબર બતાવી છે. માટે આ સોનાનો હાથી હું એને ઈનામ તરીકે આપું છું.' બાદશાહ બોલ્યા.

'બાદશાહ-સલામતનો જય થાઓ !' મહાજને ખુશ થતાં કહ્યું. બાદશાહે એની કળાની કદર કરી હતી, એટલે એનો આનંદ માતો ન હતો.

● સમાપ્ત ●

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું ચિત્રમય બાલ–કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨–૧૨	કુમાર કથાઓ	૩–૦
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨–૧૨	ચાણક્ય	૨–૦
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨–૧૨	બરફનું રણ	૨–૦
બુદ્ધિનો બાદશાહ સેટના	૨–૧૨	વિક્રમની વાતો	૪–૮
ટાગોરની બાલવાતો	૨– ૦	બુદ્ધિ વિલાસ	૫–૦
ચતુર સુજાણ	૧– ૮	જય ગુજરાત	૧–૪
બીરબલની ચિત્રમય બાલવાતો	૩–૦	દાદાજીનું ડહાપણ	૩–૮
		અક્કલ અજમાવો	૩–૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧–૪	ખેલાડી	૩–૦
કવિ કાલીદાસની બાલવાતો	૨–૮	બાટલીનો બૂચ	૩–૦
અમારાં ગીત	૦–૬	કીલુ યાને વીંટીની શોધમાં	૨–૦
રાસ કોકિલા	૦–૭	બાની વાતો	૨–૦
પાયલ બાજે	૦–૭	આદમમીયાં	૧–૪
મામાનું ઘર કેટલે ?	૨–૦	સમર્થ રામદાસ	૦–૬
જાદુઇ ચક્કી	૩–૦		

: મળવાનું સ્થળ :

એ ન. એ મ. ઠક્કર ની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar